અપીલ અરજી નં. ૫૫૧ તા.૧૦–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– ડો.અજીતકુમાર એસ. પટેલ
સામાવાળ :– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ ડો.અજીતકુમાર એસ. પટેલની તા. ૧–૧૨–૧૧ અરજીથી કતારગામ રેવન્યુ સર્વે ૨૭૯ની ૧૬૦૮૭ ચોરસ મીટર જમીનમાં ગ્રામ પંચાયત કતારગામે સામાન્ય સભામાં ઠરાવ નં. ૯ તા. ૧૯–૬–૧૯૭૧થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ, તો ઠરાવની નકલ અને મંજૂર કરેલ પ્લાનની એટેસ્ટેડ નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૫૧/૨૦૧૧–૧૨

ડો.અજીતકુમાર એસ. પટેલની તા. ૧–૧૨–૧૧ અરજીથી કતારગામ રેવન્યુ સર્વે ૨૭૯ની ૧૬૦૮૭ ચોરસ મીટર જમીનમાં ગ્રામ પંચાયત કતારગામે સામાન્ય સભામાં ઠરાવ નં. ૯ તા. ૧૯–૬–૧૯૭૧થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ, તો ઠરાવની નકલ અને મંજૂર કરેલ પ્લાનની એટેસ્ટેડ નકલ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/નં.૬૫૨૦ તા. ૩૦–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૦–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ તા. ૯–૭–૯૧ના ULC કચેરીના હુકમ અન્વયે પુનઃ દફતરી ચકાસણી કરી હકીકત મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૫૨૫ તા.૧૯–૧–૧૨ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી હોય તો આધાર સહ રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.નોર્થ ઝોન/આ./૮૩૧૬ તા.૨૭–૨–૧૨ થી નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.નોર્થ ઝોન /આ./૬૫૨૦ તા.૩૦–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧–૧૨–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી કતારગામ ઝોનને લગતી અરજી મધ્યસ્થ કચેરી ખાતે કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં. નોર્થ ઝોન/આ.૬૫૨૦ તા.૩૦–૧૨–૧૧ થી સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં કતારગામ રેવન્યુ સર્વે ૨૭૯ની ૧૬૦૮૭ ચોરસ મીટર જમીનમાં ગ્રામ પંચાયત કતારગામે સામાન્ય સભામાં ઠરાવ નં. ૯ તા. ૧૯–૬–૧૯૭૧થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ, તો ઠરાવની નકલ અને મંજૂર કરેલ પ્લાનની એટેસ્ટેડ નકલ આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર જગ્યાના ગ્રામ પંચાયતના મંજુર પ્લાન કે ઠરાવની નકલ કતારગામ ઝોન કક્ષાએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસ ણી કરતા જણાઈ નથી. તેવુ જણાવેલ.

અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/ આઉટ/નં.૬૫૨૦ તા. ૩૦–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૦–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. અપીલ તબકકે અરજદારે કતારગામ ગ્રામ પંચાયતનો રેકોર્ડ સુરત મહાનગરપાલિકામાં સમાવેશ થતા મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ.ગ્રામ પંચાયતની મિનિટસ બુકમાં પણ મીટીંગની કાર્યવાહી રેકોર્ડ થયેલ હોય શું તે સમગ્ર રેકોર્ડ જ ગુમ થયેલ છે? કે પછી માહિતી ન આપવા માટે હાથવગુ કારણ આપવામાં આવ્યુ છે. આ રેકોર્ડની નકલ સદરહુ સર્વે નં.૨૭૯ ના જમીન માલિકે ૧૯૯૦–૦૧ માં મહાનગરપાલિકા પાસેથી સત્તાવાર ઠરાવની ખરી નકલ મેળવી **ULC** માં રજુ કરેલ છે. તેવુ **ULC** માં ઉપલબ્ધ રેકોર્ડ પરથી જાણવા મળેલ છે. જો ૧૯૯૦–૯૧ માં આ રેકોર્ડ મહાનગરપાલિકા પાસે હતો. તો પછી તેમને નકલ ન આપવામા રેકોર્ડ ઉપલબ્ધ નથી તેવુ કારણ શા માટે આપવામાં આવે છે?. તેવી રજુઆત કરેલ. અરજદારે અપીલ તબકકે **ULC**ની નકલ રજુ કરેલ છે.

જાહેર માહિતી અધિકારીના તા.૨૭–૨–૧૨ ના પુરક પત્રમાં અરજદારે સને ૧૯૭૧ થી કતારગામ રે.સ. નં.૨૭૯ વાળી ગ્રામ પંચાયતે મંજુર કરેલ ઠરાવની નકલ તથા પ્લાનના નકલની માંગણી કરેલ જે લગભગ ૪૧ વર્ષ પહેલાની માહિતી માંગેલ છે. ત્યાર બાદ ગ્રામ પંચાયતનો સુરત મહાનગરપાલિકાની હદમાં સમાવેશ થયા બાદ સને ૧૯૯૪ થી ઝોન કચેરીનું આયોજન કરવામાં આવ્યુ. એટલે કે ૧૬ વર્ષ પહેલા ઝોન કચેરી કાર્યરત થઈ. આમ અરજદારે માંગણી કરેલ માહિતી ઘણા

વર્ષો જુની જણાય છે. ઉકત સંજોગોમાં આગાઉ કતારગામ ઝોન કક્ષાએથી તા.૩૦–૧૨–૧૧ ના પત્રથી આપવામાં આવેલ માહિતી ઉપલબ્ધ દફતરી માહિતીની ચકાસણી કરીને જ આપવામાં આવેલ છે. તેવુ જણાવેલ છે.

અરજદારે તા.૯–૭–૯૧ના યુએલસી કચેરીની રજુ કરેલ નકલમાં પંચાયત તરફથી આપેલ પરવાનગી તથા મંજુર કરેલ પ્લાનની નકલો મ્યુ. કોર્પોરેશનના રેકર્ડમાંથી મેળવેલ છે. તેવુ જણાવેલ છે. આમ અરજદારે કરેલ રજુઆત અને યુએલસીની પત્ર ધ્યાને લેતા અરજદારને લાગત દફતરનુ ઈન્સ્પેકશન પુરુ પાડી આપેલી માહિતીની ખરાઈ કરાવવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૦–૧–૧૨ ધ્યાને લેતાં ૮–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૩–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૦–૧–૧૨ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા જણાઈ નથી તેવુ જણાવેલ પરંતુ અરજદારે રજુ કરેલ પુરાવાને ધ્યાને લઈ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી ફી ભરવાની રીતે દિન–૭માં ગ્રામ પંચાયતમાંથી તબદીલ થયેલ ઠરાવ અને આનુષંગિક દફતર સાથે ૧૯૯૧ ના પત્રના હુકમમાં નિર્દિષ્ટ આનુષાંગિક દફતરની તપાસણી પુરી પાડી આપેલી માહિતીની ખરાઈ કરવા તક પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન).....જાણ તથા અમલ માટે
(૨) ડો.અજીતકુમાર એસ. પટેલ,